## અંડાશયના કેન્સરના લક્ષણો વિશે ચિંતિત છો ?

**Gujarati version**

પેટ ફૂલેલું લાગે છે?

હંમેશા પેટ ભરેલું લાગે છે ?

પેટમાં દુખાવો થાય છે?

વધારે પેશાબ કરવા જવું પડે?

### અંડાશય કેન્સરનાં લક્ષણો શું છે?

- પેટનું સતત ફૂલવું
- પેટ જલ્દી ભરાયેલું લાગે અને/ અથવા ભૂખ ઓછી લાગવી
- પેલ્વીક અથવા પેટના ભાગમાં દુખાવો (એટલે કે તમારું પેટ અને તેની નીચે)
- મૂત્રાશય લક્ષણો (પેશાબ કરવા માટે તાત્કાલિક અથવા સામાન્ય કરતાં વધુ વખત જવુ)

પ્રસંગોપાત અન્ય લક્ષણો હોઈ શકે છે:

- ઝાડો જવાની ટેવમાં ફેરફારો (દા.ત. અતિસાર કે કબજિયાત )
- અતિશય થાક (ખૂબજ થાક લાગવો)
- ના સમજી શકાય તેવો વજનનો ઘટાડો

રજોનિવૃત્તિ પછીના કોઈપણ રક્તસ્ત્રાવની તપાસ હમેશાં GP દ્વારા થવી જોઈએ.

### અંડાશય કેન્સરના લક્ષણો છે:

- વારંવાર – જો તે સામાન્ય રીતે એક મહિનામાં 12 વખત કરતા વધારે થાય છે
- સતત - તે દૂર થતા નથી
- નવા - તે તમારા માટે સામાન્ય નથી અને છેલ્લા વર્ષમાં શરૂ થયા હોઈ શકે છે

### શું તમે તમારા લક્ષણો વિશે ચિંતિત છો?

જો તમે નિયમિતપણે આ લક્ષણોમાંથી કોઈ એક અથવા વધુનો અનુભવ કરો, જે તમારા માટે સામાન્ય નથી, તો તમારે તમારા ડોક્ટરને મળવું ખૂબ અગત્યનું છે. તેની વધુ શક્યતા નથી કે તમારા લક્ષણો ગંભીર સમસ્યાને કારણે થયા હોય પરંતુ તપાસી લેવું અગત્યનું છે.

### તમારા GP ની મુલાકાત માટે તૈયારી કરો

- અમારી નિઃશુલ્ક અંડાશય કેન્સર લક્ષણોની ડાયરીના ઉપયોગથી તમારા લક્ષણો તપાસો (છાપેલી અથવા એક એપ તરીકે ઉપલબ્ધ છે):**targetovariancancer.org.uk/symptomsdiary**
- તમારા કુટુંબનો ઇતિહાસ શોધો. જો તમારા નજીકના બે કે તેથી વધારે કુટુંબીજનોને અંડાશય કે સ્તનનું કેન્સર થયુ હોય તો તમારા GP ને જણાવો.

### તમારા GP ક્યા પરીક્ષણ કરશે?

- જો તમારા લક્ષણો વારંવાર અને સતત હોય તો તમારા GP દ્વારા CA125 રક્ત પરીક્ષણ કરવાની સૂચના આપશે
- તેઓ તમારા પેટના અને અંડાશયના અલ્ટ્રા સાઉન્ડ સ્કેનિંગની સૂચના પણ આપી શકે છે.

### તે પછી શું?

- તમારા GP ને પૂછો હવે પછીના પગલાં શું છે
- સાતત્ય જાળવો ! GP પાસે પરત આવો અથવા જો તમારા લક્ષણો દૂર ન થાય તો બીજું મંતવ્યથોડા અઠવાડિયામાં જ લો.

## તમે વધુ માહિતી ક્યાંથી મેળવી શકો?

**Target Ovarian Cancer**

**2 Angel Gate, London EC1V 2PT**

**020 7923 5475**

**info@targetovariancancer.org.uk**

**targetovariancancer.org.uk**

**facebook.com/TargetOvarianCancer**

**@TargetOvarian**

આ માહિતી ઇન્ફોર્મેશન સ્ટાન્ડર્ડ સ્કીમ દ્વારા તે ખાતરી કરવા મંજૂર કરાયેલી છે કે તે વાસ્તવિક અને ઉચ્ચ ગુણવત્તાની માહિતી પ્રદાન કરે છે.

Health & care information you can trust

The Information Standard — Certified Member

છેલ્લી સમીક્ષા : જૂન 2017

હવે પછીની સમીક્ષા: મે 2020

©Target Ovarian Cancer 2017

ટાર્ગેટ ઓવરીયન કેન્સર એક ગેરંટીથી મર્યાદિત કંપની છે અને ઈંગ્લેન્ડ અને વેલ્સમાં નોંધાયેલી છે (નં. 6619981)

Registered office: 2 Angel Gate, London EC1V 2PT.
Registered charity numbers 1125038 (England and Wales) and SC042920 (Scotland).